# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09/01/2026** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **કેન્દ્રીય મંત્રી જી.કિશન રેડ્ડી આજે ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય ખનિજ ચિંતન શિબિરનું ઉદ્દઘાટન કરશે.**
2. **સોમનાથ સ્વાભિમાન પર્વ' નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં 108 ઘોડેસવારો સાથે ભવ્ય શૌર્ય યાત્રા નીકળશે.**
3. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અરવલ્લીમાં 168 કરોડના વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે.**
4. **EDએ આણંદમાં ભૂતપૂર્વ અધિકારીની 4 કરોડ 92 લાખ રૂપિયાની ગેરકાયદેસર મિલકતો જપ્ત કરી.**
5. **આગામી પાંચ વર્ષમાં અમદાવાદમાં નવા 15 ફાયર સ્ટેશન બનશે.**
6. **ભાવનગર રેલવે મંડળના પરાક્રમસિંહ ગોહિલે રાજ્યસ્તરના વિશેષ ખેલ મહાકુંભમાં બે રજત ચંદ્રક જીત્યા.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# KHANIJ SHIBIR

કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડી આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે રાષ્ટ્રીય ખનિજ ચિંતન શિબિર-**2026**નું ઉદ્ઘાટન કરશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર. પાટીલ, કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયા, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કોલસા અને ખાણ રાજ્ય મંત્રી સતીશ ચંદ્ર દુબે ઉપસ્થિત રહેશે. આ ત્રણ દિવસીય શિબિરમાં વિવિધ રાજ્યોના ખાણકામ મંત્રી, કેન્દ્ર અને રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ, નિષ્ણાતો અને ઉદ્યોગ હિસ્સેદારો ભાગ લેશે.

આ શિબિર ખનીજ તત્વ મિશન પર કેન્દ્રિત રહેશે, જેનો ઉદ્દેશ સ્વચ્છ ઉર્જા સંક્રમણ, અદ્યતન ઉત્પાદન અને ઉભરતી ટેકનોલોજી માટે જરૂરી મહત્વપૂર્ણ અને વ્યૂહાત્મક ખનિજોની સ્થાનિક ઉપલબ્ધતાને મજબૂત બનાવવાનો છે.

ચર્ચાઓમાં સંશોધન પ્રયાસો વધારવા, પુરવઠા શૃંખલાઓને સુરક્ષિત કરવા, સ્થાનિક પ્રક્રિયા અને મૂલ્યવર્ધનને પ્રોત્સાહન આપવા અને લાંબા ગાળાની ખનિજ સુરક્ષાને ટેકો આપવા માટે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સંકલન સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરાશે.

---

# SOMNATH SWABHIMAN PARV

પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ મંદિરે 11 જાન્યુઆરી સુધી યોજાનારા "સોમનાથ સ્વાભિમાન પર્વ"નો આરંભ થયો. કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત, કેબિનેટ મંત્રી જીતુ વાઘાણી, શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં શંખનાદ સાથે આ

પર્વનો શુભારંભ થયો. આ સાથે સોમનાથ મંદિર પરિસરમાં 72 કલાકના અખંડ ઓમકાર જાપનો ભવ્ય પ્રારંભ થયો છે.

આ અંગે કેન્દ્રીય મંત્રી શેખાવતે સોમનાથ મંદિરને શક્તિનું પ્રતિક ગણાવ્યું.

**(બાઇટ : ગજેન્દ્રસિંહ શેખાવત, કેન્દ્રીય મંત્રી)**

આ પર્વ નિમિત્તે સોમનાથ મહાદેવ મંદિરથી લઈને શંખચક્ર સુધીના માર્ગને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યો છે.

---

## PM SOMNATH

‘સોમનાથ સ્વાભિમાન પર્વ’ની ઉજવણીમાં 11 જાન્યુઆરીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહભાગી થશે. જ્યાં પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં 108 ઘોડેસવારો સાથે ભવ્ય શૌર્ય યાત્રા નીકળશે. આ અંગે રાજ્યના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ વધુ માહિતી આપી.

**(બાઇટ: જીતુ વાઘાણી, પ્રવક્તા મંત્રી)**

---

## SOMNATH SPECIAL TRAIN

"સોમનાથ સ્વાભિમાન પર્વ’ અંતર્ગત ત્રણ દિવસ સુધી સોમનાથ ખાતે વિવિધ કાર્યક્રમો દ્વારા સોમનાથની પૌરાણિક ગાથા રજૂ કરવામાં આવશે. 11 જાન્યુઆરી સુધી યોજાનારા આ મહોત્સવમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ ઉમટી પડશે ત્યારે અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરાથી વિશેષ ટ્રેનો શરૂ કરવામાં આવી છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતથી સોમનાથ ભક્તોને લઈ જતી વિશેષ ટ્રેનને લીલી ઝંડી આપી. ગઇકાલે રાજકોટથી વિશેષ ટ્રેન મારફતે સોમનાથ પહોંચેલા એક શ્રદ્ધાળુએ પ્રતિક્રિયા આપી.

## બાઇટ : શ્રદ્ધાળુ

---

## CM SHAMLAJI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આજે અરવલ્લી જિલ્લાના અંદાજે **168** કરોડના વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવશે.

અમારા પ્રતિનિધિ જણાવે છે કે , અરવલ્લી જિલ્લાના યાત્રાધામ શામળાજીમાં ગઇકાલે બે દિવસીય શામળાજી મહોત્સવનો રંગેચંગે પ્રારંભ થયો છે. અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી પી.સી.બરંડાના અધ્યક્ષસ્થાને આ મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો.

---

## CM PROPERTY SHOW

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગઇકાલે અમદાવાદ ખાતે ભવ્ય પ્રોપર્ટી શોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

આ પ્રસંગે વન અને પર્યાવરણ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી અર્જુન મોઢવાડીયા ઉપસ્થિતિ રહ્યાં હતા. આ ત્રિદિવસીય પ્રોપર્ટી શોને ખુલ્લો મુકતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, પ્રોપર્ટી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉદ્યોગ ક્ષેત્રે થઈ રહેલી પ્રગતિથી રાજ્યની આર્થિક શક્તિ વધુ મજબૂત બનશે.

વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર કરવા માટે વિકસિત ગુજરાતની ભૂમિકા મહત્વપૂર્ણ છે અને રાજ્ય સરકાર આ દિશામાં સતત પ્રતિબદ્ધતાપૂર્વક કાર્ય કરી રહી છે. તેમણે ઉમેર્યું પર્યાવરણની જાળવણી સાથે વિકાસ કરવો એ મહત્વપૂર્ણ છે.

---

## ED ILLEGAL PROPERTIES

પ્રવર્તન નિદેશાલય- EDએ રાજ્યના ભૂતપૂર્વ અધિકારીના રિસોર્ટ સહિત 4 કરોડ 92 લાખ રૂપિયાની ગેરકાયદેસર મિલકતો જપ્ત કરી છે. ગેરકાયદેસર સંપત્તિ ધરાવવાના આરોપોના સંદર્ભમાં, EDએ આણંદમાં ગુજરાત જમીન વિકાસ નિગમના ભૂતપૂર્વ ફિલ્ડ સુપરવાઇઝર ધીરુ શર્મા સામે કાર્યવાહી કરી છે.

EDની અમદાવાદ ઝોનલ ઓફિસે જણાવ્યું હતું કે , નાણાકીય ઉચાપત અટકાયતી અધિનિયમ, 2002ની જોગવાઈઓ હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી છે. જોડાયેલી મિલકતોમાં વાણિજ્યિક દુકાન , રહેણાંક મકાન , ખેતીની જમીન , નડિયાદ ખાતે જલાશય રિસોર્ટનો સમાવેશ થાય છે.

---

## AHMEDABAD FIRE STATION

અમદાવાદમાં આગામી પાંચ વર્ષમાં નવા 15 ફાયર સ્ટેશન બનશે. મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણીએ જણાવ્યું, આગામી બે વર્ષમાં નવા 4 ફાયર સ્ટેશન સરદારનગર ફાયર સ્ટેશન , રાણીપ ફાયર સ્ટેશન , હાથીજણ ફાયર સ્ટેશન અને લાંભા ફાયર સ્ટેશન બનાવવામાં આવશે. જેમાં કુલ 168 કર્મચારીની ભરતી કરાશે.

## બાઇટ : દેવાંગ દાણી, મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ

---

## DAMAN G RAM G

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલીના સેલવાસમાં વિકસિત ભારત–જી રામ જી યોજના અંતર્ગત ભાજપ દ્વારા પ્રદેશસ્તરીય બેઠકનું આયોજન કરાયું. જેમાં પ્રદેશના કાર્યકર્તાઓને “વિકસિત ભારત–જી રામ જી” યોજનાની વિગતવાર માહિતી આપવામાં આવી.

બેઠકમાં કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલી તથા દમણ અને દીવના ભાજપ અધ્યક્ષ મહેશ અગરિયાએ જણાવ્યું , આ નવા કાયદા દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં રોજગાર અને આજીવિકાની ખાતરી મળશે.

## બાઇટ : મહેશ અગરિયા- ભાજપ અધ્યક્ષ

---

## WEATHER

આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઉતરાયણ સુધી વાતાવરણ શુષ્ક રહેશે.

છેલ્લા 24 કલાકમાં નલિયામાં સૌથી નીચું 9 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું.

## બાઇટ : ડૉ.એ.કે.દાસ, નિયામક

---

# BHAVNAGAR KHEL MAHAKUMBH

ભાવનગર રેલવે મંડળના પરાક્રમસિંહ ગોહિલે રાજ્યસ્તરના વિશેષ ખેલ મહાકુંભમાં બે રજત ચંદ્રક જીત્યા છે.

પેરા સ્પોર્ટ્સ એસોસિએશન ગુજરાતની આગેવાની હેઠળ નડિયાદ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં પરાક્રમસિંહ ગોહિલના નેતૃત્વ હેઠળ ‘વોરિયર’ ભાવનગર ટીમે પેરા સિટિંગ વોલીબોલની રાજ્ય સ્તરીય સ્પર્ધામાં 19 ટીમો સાથે સ્પર્ધા બાદ રજત પદક પ્રાપ્ત કર્યો. સાથે જ પરાક્રમસિંહે ગોળા ફેંક સ્પર્ધામાં પણ ઉત્તમ પ્રદર્શન કરી રજત પદક જીત્યો.

ઉલ્લેખનીય છે કે, દિવ્યાંગ કર્મચારી પરાક્રમસિંહ ગોહિલ હાલ પશ્ચિમ રેલવે, ભાવનગર મંડળમાં મુખ્ય વાણિજ્ય ક્લાર્ક તરીકે ફરજ બજાવી રહ્યા છે.

---